
# 8 નકશા - આલેખન

L8Y8N1

આશિ તેની જ શાળાના અન્ય વિદ્યાર્થીઓ સાથે ગણતંત્ર - દિવસની પરેડ જોવા માટે 'ઇન્ડિયા ગેટ' ગઈ. જ્યારે તેઓ આરામથી બેસી રહ્યાં હતાં, ત્યારે તેમણે લાઉડ સ્પીકર પરથી 'ઇન્ડિયા ગેટ' વિશે સાંભળ્યું. 'રાષ્ટ્રપતિ ભવનની જમણી તરફ 'ઇન્ડિયા ગેટ' છે. જેને પ્રથમ વિશ્વયુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોની યાદમાં બાંધવામાં આવેલ હતો.'

રાજપથની બંને તરફ ઘણાં બધાં લોકો બેઠાં હતા. પરેડ ત્યાંથી જ પસાર થાય છે. વિદ્યાર્થીઓ આસપાસની ઈમારતો જોઈને તેના વિશે વાતો કરી રહ્યા હતા.







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અહીં હેલિકૉપ્ટરમાંથી લીધેલ ફોટોગ્રાફ છે. તમે રાજપથ જોઈ શકો છો, જે રાષ્ટ્રપતિભવન તથા ઇન્ડિયા ગેટને જોડે છે. અદિતિ રાજપથ પર જ્યાં બેઠી હોય તે જગ્યા પર નિશાની કરો.






**ફોટો તથા નકશાને સાંકળો**

(1) શું તમે કોઈ શહેરનો નકશો જોયો છે? નકશા 1 ને જુઓ. તેને ફોટા સાથે સાંકળીને ઇન્ડિયા ગેટ ક્યાં છે તે બતાવો. તેનું નકશા પર આલેખન કરો.

(2) નકશાના આ ભાગમાં કેટલાક રસ્તાઓ બતાવેલ છે. આ રસ્તાઓને ફોટામાં શોધી કાઢો.

(3) રાષ્ટ્રપતિભવનથી ઇન્ડિયા ગેટ સુધીમાં પસાર કરવામાં આવતા રસ્તાનાં નામ આપો.


(4) નકશા 1 માં નેશનલ સ્ટેડિયમ શોધી કાઢો. શું તે તમને ફોટામાં દેખાય છે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મધ્યસ્થ ષટ્કોણ(Central hexagon-સેન્ટ્રલ હેક્સાગોન)

જો આપણે નકશાના એક ભાગને વધુ નજીકથી જોઈ શકાય તે માટે 'ઝૂમ ઈન' કરીએ તો તે કંઈક અંશે નીચે મુજબ દેખાશે.



નકશો 2

પીળા રંગના ભાગનો આકાર જુઓ. આ અગાઉ તમે ક્યારેય આવો આકાર જોયો છે? તેને કેટલી બાજુઓ છે? આ જગ્યાને મધ્યસ્થ ષટ્કોણ કહે છે.

## નકશામાંથી શોધી કાઢો

(1) જો તમે રાજપથ પર ચાલી રહ્યા હોય, તો ઇન્ડિયા ગેટ પછી તમારી કઈ બાજુ ચિલ્ડ્રન પાર્ક આવેલો છે?

(2) નીચે આપેલ રસ્તાઓની જોડમાંથી કઈ જોડ સૌથી મોટો ખૂણો બનાવે છે?

(a) માનસિંહ રોડ અને શાહજહાં રોડ

(b) અશોક રોડ અને માનસિંહ રોડ (ઇન્ડિયા ગેટથી દૂર બનતો ખૂણો)

(c) જનપથ અને રાજપથ

(3) ઉપર આપેલ રસ્તાઓની જોડમાંથી કઈ જોડ કાટખૂણો બનાવે છે?




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પરેડ માટે રાહ જોવી

પરેડ માટે રાહ જોઈ રહ્યાં હતાં ત્યારે, કાંચા અને તેના અમુક મિત્રો પરેડ ક્યાં પૂરી થશે તે વિચારી રહ્યાં હતાં. કાંચા પાસે સમાચારપત્ર હતું જેમાં પરેડનો રસ્તો દર્શાવેલ હતો.

વિજય ચોક - રાજપથ - ઇન્ડિયા ગેટ - તિલક માર્ગ - બી. એસ. ઝફર માર્ગ - સુભાષ માર્ગ - લાલ કિલ્લો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




### ● રસ્તો બતાવો

(1) નકશા-3 માં પરેડનો રસ્તો બતાવો તથા ઇન્ડિયા ગેટ અને રાજપથ પર નિશાન લગાવો.

(2) નકશાને ધ્યાનપૂર્વક જુઓ અને શોધી કાઢો.

(a) નીચેનામાંથી કયો રસ્તો સૌથી લાંબો છે?

● બી. એસ. ઝફર માર્ગ ● સુભાષ માર્ગ ● તિલક માર્ગ

(b) જો રૂબિયા જામા મસ્જિદથી પરેડ જોવા આવતી હોય તો તેણે કેટલે દૂર સુધી ચાલવું પડશે તે વિશે અનુમાન કરો.

(c) પરેડનો આખો માર્ગ કેટલો લાંબો છે?

● 3 કિમી ● 16 કિમી ● 25 કિમી ● 8 કિમી

જેમ-જેમ પરેડ આગળ વધે છે તેમ-તેમ વિદ્યાર્થીઓને કેટલાંક બાળકો હાથી પર આવતાં દેખાયાં. આ બાળકોને શૌર્ય-એવૉર્ડ પ્રાપ્ત થયો હતો. ત્યાર બાદ અલગ-અલગ શાળાના વિદ્યાર્થીઓએ ભિન્ન-ભિન્ન પ્રકારનાં નૃત્ય તથા ખેલ (કરતબ) દેખાડ્યા.

વિદ્યાર્થીઓ પરેડની સાથે લાલ કિલ્લા સુધી જવા ઇચ્છતા હતા. ગપ્પુ અગાઉ લાલ કિલ્લો જોઈ ચૂક્યો હતો. આથી તે બાકીના વિદ્યાર્થીઓને લાલ કિલ્લા વિશે કહેવા લાગ્યો.

વિદ્યાર્થીઓને નકશામાં પ્રમાણમાપની શી જરૂર છે તે સમજ પડવી જોઈએ. જ્યારે આપણે કોઈ મોટા ક્ષેત્રફળવાળા ભાગને એક નાના કાગળ પર દર્શાવીએ તો તે દરેક ભાગને કોઈ ચોક્કસ ગુણોત્તરમાં નાનો કરવો પડે કે જેથી જગ્યાઓ વચ્ચેનું અંતર તથા સ્થિતિ જેમની તેમ રહે. આ અંગે ચર્ચા કરવી જોઈએ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## ● લાલ કિલ્લાની મુસાફરી

જ્યારે અમે લાલ કિલ્લે પહોંચ્યા તો ત્યાં ટિકિટ લેવા માટે લાંબી લાઈન હતી. લાલ કિલ્લાના મુખ્ય પ્રવેશદ્વારને લાહોરી ગેટ કહે છે. તેની અંદર પ્રવેશીને અમે ડાબી બાજુ એક લાંબા પરિસરમાં પહોંચ્યા કે જેની બંને બાજુ નાની-નાની દુકાનો હતી. આ સ્થળને 'મીના બજાર' કહે છે ત્યાંથી મેં મારી બહેન માટે બંગડીઓ ખરીદી.






મીના બજાર




લાહોરી ગેટ






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નક્કારખાના-જ્યાં ઢોલ વગાડીને રાજાનો સંદેશો સંભળાવવામાં આવતો હતો.



ત્યાંથી સીધા નક્કારખાના થઈને તમે દીવાન-એ-આમ પહોંચી શકો છો. રાજા આ જગ્યાનો પોતાની પ્રજાને મળવા માટે ઉપયોગ કરતા હતા.

દીવાન-એ-આમથી સીધા આગળ ચાલીને અમે રંગમહેલ જોયો તે ખૂબ જ સુંદર ઈમારત છે. અમારી ડાબી બાજુ બીજી ત્રણ ઈમારતો હતી. આ ઈમારતોને નકશામાં શોધો.







જમણી બાજુથી રંગમહેલ, આરામ ગાહ અને દીવાન-એ-ખાસ

અમે રંગમહેલથી ડાબી તરફ આગળ વધીને દીવાન-એ-ખાસ પહોંચ્યા. જ્યાં રાજા પોતાનાં મંત્રીઓ તેમજ અન્ય અગત્યના (ખાસ) માણસોને મળતા હતા.



રંગમહેલની અંદર



દિવાન-એ-ખાસની અંદર

## નકશા-4માં શોધી કાઢો

(a) આમાંથી કઈ ઈમારત યમુના નદીની વધુ નજીક છે? દીવાન-એ-આમ કે દીવાન-એ-ખાસ?

(b) કઈ બે ઈમારતો વચ્ચે આરામ ગાહ છે?

(c) રંગમહેલથી હમામ તરફ જતાં તમે કઈ ઈમારતો પાસેથી પસાર થશો?

(d) આ નકશામાં કઈ ઈમારત મીના બજારથી વધુ દૂર છે?


(e) દીવાન-એ-ખાસથી મીના બજાર લગભગ કેટલું દૂર છે?




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ● મોટું બનાવો(Bigger-બીગર) - નાનું બનાવો (Smaller-સ્મોલર)

અહીં 1 સેમીના માપવાળી ચોરસ જાળી પર કેટલાંક ચિત્રો દોરેલ છે.આ જ ચિત્રોને 2 સેમી તથા $\frac{1}{2}$ સેમીના માપવાળી ચોરસ જાળી (Grid-ગ્રીડ) પર દોરો. અહીં એક ચિત્ર બનાવેલ છે.




1 સેમી ની જાળી



$\frac{1}{2}$ સેમી ની જાળી

2 સેમી ની જાળી



ચોરસની બાજુનું માપ બમણું કરવામાં આવે છે. તો શું તેનું ક્ષેત્રફળ પણ બમણું થશે?

ચિત્રો કે નકશાને નાના/મોટા કરવાની ક્રિયા વર્ગખંડના ભોંયતળિયા પર કે માટીના મેદાન પર પણ કરી શકાય છે. આ પ્રક્રિયાને નકશામાં પ્રમાણમાપના ઉપયોગથી જોડો જેનાથી આકૃતિ/ચિત્રને નાનું કે મોટું કરવામાં આવે તો આકાર બદલાતો નથી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### હવે આ પ્રયત્ન કરી જુઓ

આ પરેડવાળા રસ્તા (નકશા 3)માંથી લીધેલો એક ભાગ છે.


(1) શું તમે નકશાના આ ભાગને ઓળખી શકો છો?

(2) હવે તેને 2 સેમીની જાળી પર મોટો કરવાનો પ્રયત્ન કરો. યાદ રાખો કે નકશાના આકારમાં કોઈ ફેર પડતો નથી.

(3) જો આપણે પરેડના રસ્તાને નકશામાં નાનો બતાવીએ અને ઇન્ડિયા ગેટ તથા વિજય ચોક વચ્ચેનું અંતર 2 સેમી બનાવીએ તો પ્રમાણમાપ શું હશે?



1 સેમી ની જાળી



2 સેમી ની જાળી

- નકશા પર 1 સેમી = જમીન પર 1 કિમી
- નકશા પર $\frac{1}{2}$ સેમી = જમીન પર 1 કિમી
- નકશા પર 2 સેમી = જમીન પર 1 કિમી

● ભિન્ન રાજ્યોમાંથી આવેલાં નર્તકો

વિદ્યાર્થીઓએ ઘણી બધી ઝાંખીઓ અને નૃત્યો જોયાં.







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

U1T3Z9

નીચે આપેલ ભારતનો નકશો જુઓ અને વિદ્યાર્થીઓ જે રાજ્યો વિશે વાત કરી રહ્યાં હતાં તે રાજ્યોને નકશામાંથી શોધી કાઢો.




(1) કર્ણાટકની ટીમ બેંગાલુરુથી નીકળીને ઉત્તર દિશા તરફ મુસાફરી કરે છે. દિલ્હી સુધી પહોંચવા માટે તેઓને કયાં-કયાં રાજ્યો પસાર કરવા પડે?

વિદ્યાર્થીઓને પ્રથમ વખત દિશાઓથી માહિતગાર કરવામાં આવે છે. તેઓને એવી ઘણી પ્રક્રિયાઓ કરાવવાની જરૂર છે કે જેમાં તેઓ ‘ઉત્તર તરફ’, ‘દક્ષિણ તરફ’, ‘પૂર્વ દિશામાં’, ‘મધ્યપ્રદેશની પશ્ચિમમાં’ વગેરે શબ્દનો પ્રયોગ કરે. જમીન પર નકશો બનાવીને વિદ્યાર્થીઓને તે નકશા પર ઊભા રાખી શકાય કે જેથી તેઓ - ‘વેંકટ શાંતિની દક્ષિણે ઊભો છે’, ‘મધ્યપ્રદેશ, ગુજરાતની પૂર્વમાં છે’.... વગેરે પ્રકારની વાતો કરી શકે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(2) જમ્મુ અને કશ્મીર દિલ્હીની ઉત્તર તરફ છે આથી ત્યાંથી આવનારી ટીમને દિલ્હી પહોંચવા દક્ષિણ તરફ મુસાફરી કરવી પડે. તેઓ કયાં-કયાં રાજ્યોમાંથી પસાર થશે?

(3) નોનૂ ગુજરાતમાં રહે છે. નોનૂનો મિત્ર જાવેદ પશ્ચિમ બંગાળમાં રહે છે. નોનૂ તેના મિત્ર પાસે જવા ઇચ્છે છે તો તેણે કઈ દિશામાં મુસાફરી કરવી પડે?

(a) પશ્ચિમ તરફ

(b) પૂર્વ તરફ

(c) દક્ષિણ તરફ

(d) ઉત્તર તરફ



(4) જમ્મુ અને કશ્મીરની ઉત્તરે કોઈ રાજ્ય આવેલું છે?

(5) ગુજરાતની પશ્ચિમે કયું રાજ્ય આવેલું છે?

(6) નકશા પર 1 સેમી = જમીન પર 200 કિલોમીટર

આ પ્રમાણમાપનો ઉપયોગ કરી શોધી કાઢો.

(A) દિલ્હી જયપુરથી લગભગ કેટલું દૂર છે?

(a) 50 કિમી (b) 500 કિમી (c) 250 કિમી

(B) અંદાજ લગાવો કે, જયપુર ભોપાલથી કેટલું દૂર છે?

નકશા પર = .................. સેમી, જમીન પર = ..................... કિમી

(7) નકશો જુઓ અને કહો :

(a) કયું રાજ્ય અન્ય ચાર રાજ્યોથી ઘેરાયેલું છે?

(b) કયા રાજ્યનું ક્ષેત્રફળ સૌથી વધુ છે? જો તેનું નામ નકશામાં ન હોય તો તમારા શિક્ષક કે માતાપિતાને પૂછો અને શોધી કાઢો. બતાવો કે તમે જવાબ કેવી રીતે શોધ્યો?

(c) કયા રાજ્યનું ક્ષેત્રફળ સિક્કિમના ક્ષેત્રફળ કરતાં 8 ગણું છે?

- ઉત્તર પ્રદેશ
- ત્રિપુરા
- મહારાષ્ટ્ર
- હિમાચલ પ્રદેશ



(d) રાજસ્થાનનું ક્ષેત્રફળ એ પંજાબ રાજ્યના ક્ષેત્રફળ કરતાં લગભગ કેટલા ગણું વધુ છે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ● સમુદ્ર

બાલા સમુદ્રકિનારે ઊભો રહીને વિશાળ સમુદ્રને જોઈ રહ્યો છે. તેને સમુદ્રનો કોઈ અંત નથી એવો ભાસ થાય છે.



શું તમે સમુદ્ર જોયો છે? ચિત્રમાં સમુદ્ર ક્યાં છે? ભારતના નકશામાં સમુદ્રને શોધી કાઢો. નકશામાં સમુદ્રને કયા રંગથી દર્શાવવામાં આવ્યો છે?

* જેની એક તરફ સમુદ્ર હોય તેવાં રાજ્યો પર નિશાની કરો.
* એક એવા રાજ્યનું નામ આપો કે જેની એક પણ તરફ સમુદ્ર ન હોય.

## ● શોધી કાઢો

અલગ-અલગ નકશા જુઓ. સ્થાનિક નકશા, ભારતના નકશા અને વિશ્વના નકશામાં ઉપયોગમાં લીધેલ ભિન્ન પ્રમાણમાપની સરખામણી કરો.

## ● રાજ્યોની વચ્ચે આવતી રેખાઓ

સબૂ રાજ્યોની વચ્ચે આવતી રેખાઓને જોઈને વિચારમાં પડી ગયો.







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ● શહેરો વચ્ચેનું અંતર

નકશામાં પાંચ શહેરો આપેલાં છે. શોધી કાઢો.

નકશો - 6




પ્રમાણમાપ : 1 સેમી = 10 કિમી

(1) નકશામાં ઈડલીપુર એ બરફીનગરથી કેટલા સેમી દૂર આવેલું છે ?

(2) ઈડલીપુરથી બરફીનગર જવા માટે તમારે કેટલા કિલોમીટરની મુસાફરી કરવી પડે ?

(3) ઈડલીપુર અને બરફીનગરના રસ્તા પર મધ્યમાં ખમણપુર આવેલું છે. તેના પર 'K' નું નિશાન કરો.

(4) જલેબીપુર એ છોલાઘાટ અને ઢોકળાબાદ બંનેથી 35 કિલોમીટર દૂર આવેલું છે. તે ક્યાં હોઈ શકે તે વિચારો. તેના પર 'J' નું નિશાન કરો.


(5) ભેલપુર અને છોલાઘાટ વચ્ચેના રસ્તાની લંબાઈ માપો. (તમે દોરીનો ઉપયોગ કરી શકો છો.)

## ● આશીની શાળા

આશીની શાળા ઉપરથી આ પ્રમાણે દેખાય છે. શાળાના નકશાને ધ્યાનથી જુઓ અને ખાનાંઓનો ઉપયોગ કરીને શોધી કાઢો.

નકશો - 7

પ્રમાણમાપ : 2 સેમી = 5મી






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(1) સભા મેદાનનું ક્ષેત્રફળ શાળાના કાર્યાલયના ક્ષેત્રફળથી કેટલા ગણું વધારે છે?


(2) દરેક વર્ગખંડની લંબાઈ તથા પહોળાઈ કેટલી છે?

(a) લંબાઈ 5 મીટર, પહોળાઈ 4 મીટર (b) લંબાઈ 2 મીટર, પહોળાઈ 1 મીટર

(c) લંબાઈ 12 મીટર, પહોળાઈ 10 મીટર (d) લંબાઈ 5 મીટર, પહોળાઈ 5 મીટર

(3) આશીની શાળાના બધા જ વર્ગખંડો કંઈક આ પ્રમાણે દેખાય છે.

નકશો - 8




## ● ધ્યાનથી જુઓ અને ઉત્તર આપો

(a) બ્લેકબોર્ડની બરાબર સામે નીચેનામાંથી શું છે?

કબાટ, બારી, નોટિસબોર્ડ, ડિસ્પ્લેબોર્ડ

(b) ફરી એકવાર શાળાનો નકશો જુઓ, અંદાજ લગાવો અને નીચે દર્શાવેલ જ્યાં હોય ત્યાં નિશાની કરો :

- III A અને VII ના વર્ગખંડમાં બ્લેકબોર્ડ
- IV અને X ના વર્ગખંડમાં કબાટ
- V અને VI B ના વર્ગખંડમાં નોટિસબોર્ડ
- II ના વર્ગખંડમાં મધ્ય હાર(Middle row-મીડલ રો)ની છેલ્લી બેઠક
- I ના વર્ગખંડમાં ડિસ્પ્લેબોર્ડ

(c) III A ના વર્ગખંડમાં બેઠેલ વિદ્યાર્થી રમતનું મેદાન જોઈ શકે છે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in